(૧). આ કામમા બાપુનગર/દાણીલીમડા પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ ધી ~~પ્રોહી~~.એકટ કલમ જુગાર કલમ ૧૨(અ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે.આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે.આરોપી તરફે સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પેશીયલ સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી પ્રોહી.એકટ કલમ જુગાર કલમ ૧૨અ ગુના માટે પ્લી/ નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈશકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

::: હુ ક મ :::

આરોપીને ધી પ્રોહી.એકટ કલમ જુગાર ધારા ~~૬૬(૧)(બી), ૮૫(૧)(૩)~~ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી એકત્રીતપણે રૂ. ૧૦૦ /- ( એકસો ) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧(એક ) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
13/7/15
તા.૮/ ૧૦ /૨૦૧૬.

( )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ.
કોડ (જી.જે. ૦૦૭૩૮)